ફાઈલ તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬

દાખલ તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬

ફેંસલ તારીખઃ ૧૩/૦૭/૨૦૨૬

| અવધિઃ | વર્ષ | માસ | દિવસ |
| --- | --- | --- | --- |
| | ૦૦ | ૦૦ | ૧૪ |

**ત્રીજા એડીશનલ સેસન્સ અને સ્પેશ્યલ પોકસો કોર્ટ સમક્ષ, ભરૂચ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૧૮/૨૦૨૬**
**આંક–૧૭**

**અરજદારઃ–** **ફીલીપ ઉર્ફે રેમન્ડ કુટીનો**
**ઉ.વ.–૪૦, ધંધો : – વેપાર**
**રહે. એ–૩૮, સુરભી સોસાયટી, નાંદેલાવ, ભરૂચ.**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ–** **સ્ટેટ ઓફ ગુજરાત**
**વિષયઃ–** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીઃ–** **પી.પી.ઑન્ધયા**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી.સુ.શ્રીઃ–** **જી.વી.વ્યાસ**

---

**<u>ચુકાદો</u>**

૧. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીને વી.સી.થ્રુ સાંભળ્યા તથા વિ.એ.પી.પી.સુ.શ્રીને સાંભળ્યા, અરજદાર/આરોપી તરફે આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટમાં જે નિ.૧ થી ૭માં જે રીતે દસ્તાવેજો દર્શાવેલ છે તેમાં નિ.૩/૧ થી એફ.આઈ.આર.ની ખરી નકલ (પાના નં.૧ થી ૪) , નિ.૩/૨ થી કલમ ઉમેરાનો રીપોર્ટ અને તેની નીચે થયેલ હુકમની ખરી નકલ (પાના નં.૫ થી ૬, નિ.૩/૩ થી ચાર્જશીટની ખરી નકલ(પાના નં. ૭ થી ૩૨), નિ.૩/૪ થી ફરીયાદી/ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની નકલ, નિ.૩/૫

થી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ક્રિ.પ.અરજી નં. ૫૦૪/૨૦૨૫થી જામીન અરજીની ઓનલાઇન કોપી(પાના નં. ૩૬ થી ૪૩), નિ.૩/૬થી નામદાર હાઇકોર્ટમાં કરેલ ક્રિ.પ.અરજી નં. ૧૩૮૪૨/૨૦૨૫ની જામીન અરજી વિડ્રો કરેલ તેનો ઓનલાઇન હુકમ(પાના નં. ૪૪), નિ.૩/૭ થી પોકસો કેસ નં. ૧૨/૨૦૨૫ના કામે ભોગબનનાર(ફરીયાદી) તથા અન્ય સાહેદોની સરતપાસ અને ઉલટતપાસ (પાના નં. ૪૫ થી ૧૯૮) થી રજુ કરેલ છે, તેમજ આંક–૯ થી કલેરીફીકેશન પુરસીસ આરોપી તરફે રજુ થયેલ છે, તેમજ નિ.૧૦/૧ થી અરજદાર/આરોપીની અત્રેની કોર્ટમાં કરેલ વચગાળાની ક્રિ.પ.અરજી. નં. ૩૨૦/૨૦૨૫ ની ઓનલાઇન કોપી, નિ.૧૦/૨ થી કમલેશ કાંતીલાલ રાવલએ નામદાર હાઇકોર્ટમાં ક્રિ.પ.અરજી. નં.૧૩૬૯૪/૨૦૨૫ની જામીન અરજીની ઓનલાઇન કોપી, તેમજ નિ.૧૩/૧થી ક્રિ.પ.અરજી નં. ૩૨૦/૨૦૨૫ ની અત્રેની કોર્ટમાં જામીન અરજીની નકલ રજુ કર્યાનું જણાવી પીટીશનની નકલ રજુ કરે છે પરંતુ પીટીશન ઉપર જામીન અરજીના નંબર દર્શાવેલ નથી તે બાદ ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૯/૨૦૨૫નો આંક–૦૧ નીચેની હુકમ રજુ થયેલ છે જે મારૂતી સુઝુકીની જી.જે.૧૬.ડી.પી.૧૮૦૭ની મુદામાલની ગાડીની તે હુકમ મુજબ કબજો આપ્યાના હુકમની ઓનલાઇન નકલ છે પરંતુ તે મુદામાલના હુકમનો ઉલ્લેખ આંક–૧૩ના ડી.ઇ.લિસ્ટમાં કરેલ નથી તેમજ નિ.૧૩/૨ થી ક્રિ.પ.અરજી નં.૫૦૪/૨૦૨૫ ની અત્રેની કોર્ટમાં જામીન અરજીની નકલ રજુ કરેલ છે તે પરંતુ તે પીટીશનની નકલમાં તે જામીન અરજીના નંબર દર્શાવેલ નથી તેમજ નિ.૧૩/૩થી અરજદાર/આરોપી તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષની જામીન અરજીમાં ઇન્ડેક્ષ મુકેલી હોય તેની નકલ તથા જામીન અરજીની નકલ રજુ કરેલ છે જેમાં પણ અરજદાર/આરોપીએ જામીન અરજીના નંબર દર્શાવેલ નથી, તેમજ તપાસ કરનાર અધિકારીએ આંક–૦૫ થી સોંગદનામું રજુ કરેલ છે તેમજ આંક–૦૬ થી ભોગબનનાર તરફે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે તેમને ટેલીફોનીક જણાવેલ છે તે દર્શાવીને વાંધા રજુ કરેલ છે અને નિ.૬/૧ થી ભોગબનનારે વિ.એ.પી.પી.શ્રીને મેસેજ કર્યાનું જણાવી તે મેસેજ કાગળ ઉપર રજુ કરેલ છે.

૨. અરજદાર/આરોપી તરફે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ ભરૂચ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૫૦૦૮૩/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–64(2)(m),351(3), તેમજ શેડયુલ કાસ્ટ અને શેડયુલ ટ્રાઇબ્સ (પ્રીવેન્શન ઓફ એટ્રોસીટી એકટ) ૧૯૮૯ની કલમ–3(1)(w)(i), 3(2)(v) ના ગુનામાં જામીન અરજી કર્યાનું જણાવે છે તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબનો તપાસ દરમ્યાન ઉમેરો થયેલો હોવાનું જણાવે છે અને આરોપીની તા.૨૧/૦૧/૨૦૨૫ના રોજ અટક કરેલ અને ચાર્જશીટ તા.૧૮/૦૩/૨૦૨૫નું ડીસ્પેચ તા.૧૯/૦૩/૨૦૨૫ એ થયાનું જણાવે છે અને આરોપી નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવેલ છે, કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર નથી અને આરોપીનો સ્ટ્રોગ અને બોનાફાઇડ બચાવ, મેરીટ ઉપર છે અને એફ.આઇ.આર.ની ખરી નકલ અને ચાર્જશીટની ખરી નકલ રજુ કરેલ છે અને જામીન અરજીની હકીકત જોવામાં આવે તો અનસપોર્ટેડ મટીરીયલ ઇન્વેસ્ટીગેશનમાં મેળવવામાં આવેલ છે અને ભોગબનનાર આરોપીના સંપર્કમાં આવેલ છે એટલે પોકસો એકટની કલમનો ઉમેરો પણ કરેલ છે પરંતુ પોકસો એકટની કલમ–૧૧(૪)ના આવશ્યક તત્વો પ્રોસીકયુશન સંતોષી શકતું નથી અને જે કલમ–૧૧(૪)ના ભંગ બદલ કલમ–૧૨ ના પ્રાઇમાફેસી તત્વો નથી અને અરજદાર/આરોપી નિર્દોષ છે, ખોટી રીતે ફસાવેલ છે અને મેડીકલ કોઇ પુરાવો નથી અને ઈલેકટ્રોનીક રેકોર્ડ જોતાં રોમેન્ટીક, ઇમશોનલ કન્વરઝેશન છે અને કન્ટીન્યુ કોમ્યુનીકેશન છે, પ્રાઇમા ફેસી કોઇ ગુનાના તત્વો જણાતા નથી અને ટ્રાયલમાં કન્સીડરેબલ ટાઇમ લે તેમ છે તેમજ ભોગબનનારએ અન્ય વ્યકિત કમલેશભાઇ સામે તા.૦૧/૧૨/૨૦૨૪ એ એફ.આઇ.આર. કરેલ અને જો આરોપી સાથે તે પહેલાનો ગુનાનો આક્ષેપ હોય તો તેણે તે ફરીયાદમાં જણાવવું જોઇએ, પરંતુ જણાવેલ નથી અને આરોપી સામે તા.૨૦/૦૧/૨૦૨૫ એફ.આઇ.આર. નોંધાયેલ છે અને ભોગબનનાર ૧૮ વર્ષ ૧ મહીના અને ૫ દિવસની હતી અને નામદાર ગુજરાત હાઇકોર્ટે અન્ય એફ.આઇ.આર.ના આરોપી કમલેશભાઇને જામીન આપેલ છે તે ક્રિ.મીસી. એપ્લીકેશન (રેગ્યુલર

બેલ) આફટર ચાર્જશીટ નં.૧૩૬૯૪/૨૦૨૫નો તા.૩૧/૦૭/૨૦૨૫નો હુકમ ધ્યાને લેવા વિનંતી કરે છે અને ઈલીગલ પર્પઝ માટે ગ્રુપ બનાવ્યો હોય તેવો કોઈ આક્ષેપ નથી અને ભોગબનનાર/ફરીયાદી સતત અરજદાર/આરોપીના સંપર્કમાં મેસેજ, ફોટોગ્રાફથી હતા તે કન્ડકટ ધ્યાને લેવી જોઈએ અને ભોગબનનાર પુખ્ત હતા અને આરોપી તરફે ભોગબનનારની જે જુબાની થયેલ છે તેની નકલ રજુ કરેલ છે તે પણ ધ્યાને લેવા વિનંતી કરે છે અને પોતે વધુમાં આંક–૦૯ થી કલેરીફીકેશન પુરસીસ રજુ કર્યાનું પણ જણાવે છે અને પોતે જે નામદાર ગુજરાત હાઈકોર્ટનો અન્ય કેસના આરોપી કમલેશ કાંતીલાલનો ચુકાદો રજુ કરેલ છે તે ઉપર આધાર રાખે છે અને તે રીતે તે ફ્રેશ ગ્રાઉન્ડે જામીન અરજી હોવાનું જણાવી આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરે છે.

૩. વિ.એ.પી.પી.સુ.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે આઈ.ઓ.એ. આંક–૦૫ થી સોંગદનામું રજુ કરેલ છે અને આંક–૦૬ થી ભોગબનનાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ આપેલ વાંધા પુરસીસ આપેલ છે અને વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપી સામે ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૫૦૦૮૩/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–65(a)(b)(c)ના ભંગ બદલ કલમ–64(1), 64(2)(m),74,75(1)(i)(ii) ના ભંગ બદલ કલમ–75(2), 76,78(1)(i)(ii)ના ભંગ બદલ કલમ–78(2), 87,115(1)(2),351(1) ના ભંગ બદલ કલમ–351(3), ધી શેડયુલ કાસ્ટ એન્ડ શેડયુલ ટ્રાઈબ્સ (પ્રીવેન્સન ઓફ એટ્રોસીટી એકટ) ૧૯૮૯ની કલમ–3(2)(v), 3(1)(w)(i) તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ– 64A,67 B(a)(b) તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ–11(4)ના ભંગ બદલ કલમ–12 મુજબનો ગુનો નોંધાયેલ છે અને અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો આરોપીએ ફરીયાદી/ભોગબનનાર સગીરવયની હોવાનું જાણવા છતા વોટસઅપ પર જાતીય મેસેજ કરી ફરીયાદી/ભોગબનનાર સાથે

તા.૨૪/૦૮/૨૦૨૪ થી ફોન કોલ વડે સંપર્કમાં રહી ત્યારબાદ તા.૨૩/૧૧/૨૦૨૪ના રોજ તથા તા.૦૯/૧૨/૨૦૨૪ના રોજ ફરીયાદી/ભોગબનનાર ને મારૂતિ સુઝુકી ફોર વ્હીલકાર નંબર જી.જે.૧૬.ડી.પી.૧૮૦૭માં બેસાડી આરોપી પોતાના ઘરે મ.નં. ૩૮, સુરભી સોસાયટી, નંદેલાવ રોડ, તા.જી.ભરૂચ ખાતે લઇ જઇ ફરીયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિની હોવાનું જાણવા છતાં આરોપીએ તેણીની મરજી વિરૂધ્ધ યોનીના ભાગે તેમજ ગુંદાના ભાગે સંભોગ કરી અને આ બાબતે કોઇને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાનો આક્ષેપ છે અને વધુમાં વિ.એ.પી.પી.સુ.શ્રી રજુઆત કરે છે કે, અરજદાર/આરોપી મુળ કાલાગુંટ, ગોવાના વતની છે જેથી અરજદાર/આરોપીને નાસી ભાગી જાય તેમ હોય અને મુદત તારીખે હાજર ન રહે તેવી શકયતા હોય અને ન્યાયીક પ્રક્રિયા ખોરંભે ચડાવે તેવી શકયતા હોય અને જો અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવે તો કેસને લગતા પુરાવાને નુકશાન કરે અને ફરીયાદી-સાહેદોને નુકશાન કરે અથવા ધાકધમકી આપી તેમ હોય અને અરજદાર/આરોપીએ અગાઉ ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૧૦૨૨૨/૨૦૨૧ થી ઇ.પી.કો કલમ-૩૭૬(૨)(એન),૩૨૮,૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગંભીર પ્રકારનો ગુનાહીત ઇતિહાસ ધરાવે છે જેનો સેસન્સ કેસ નં.૪૩/૨૦૨૧ થી હાલ પેન્ડીંગ છે અને તેની હવે પછીની મુદત તા.૨૯/૦૭/૨૦૨૬ની છે અને અરજદાર/આરોપી ગુનાહીત માનસ ધરાવતા હોય અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવા વિનંતી કરે છે અને જો અરજદાર/આરોપીને જામીન પર છોડવામાં આવે તો ફરીથી આવા પ્રકારનો ગુનો આચરશે અને વધુમાં જણાવે છે કે, આરોપીએ ચાર્જશીટ થયા બાદ નામદાર સેસન્સ કોર્ટમાં પણ જામીન અરજી કરેલ જે પણ નામંજુર થયેલ ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરેલ તે આરોપીએ વિડ્રો કરેલ છે અને નામદાર સેસન્સ કોર્ટમાં વચગાળાની જામીન

અરજી પણ પહેલા કરેલ તે પણ નામંજુર થયેલ છે અને આરોપીએ જામીન અરજીની પીટીશન રજુ કરેલ છે તે જોતાં કોઇ નવા ગ્રાઉન્ડ છે નહીં અને કેલેન્ડર ગોઠવાઇ ગયેલ છે અને ઘણાં સાક્ષીઓ તપાસાઇ ગયેલ છે જેથી ટ્રાયલમાં કન્સીડરેબલ ટાઇમ થાય તેવી આરોપીની દલીલ ટકવાપાત્ર જણાતી નથી અને અરજદાર/આરોપી સાહેદ પુરાવા ફોડે તેમ છે અને ગંભીર ગુનો છે જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરે છે.

૪. ઉપરોકત રજુઆત ધ્યાને લીધી અને આઇ.ઓ.નું આંક-૦૫ નું સોંગદનામું તથા ભોગબનનાર તરફેની વિ.એ.પી.પી.સુ.શ્રીએ આંક-૦૬ થી વાંધાની પુરસીસ રજુ કરેલ તે ધ્યાને લીધી અને રેકર્ડ,રજુઆત અને હાલનો ગુનો અને બનાવ જોતાં , બનાવવાળી જગ્યાએ, બનાવવાળા સમયે સને ૨૦૨૧-૨૨માં ભોગબનનાર ભરૂચ ખાતે સ્કુલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી અને તા.૧૫/૦૮/૨૦૨૪ના રોજ ફરીયાદી તેના મિત્ર સાથે ધ્વજવંદન કાર્યક્રમમાં સ્કુલે હાઇસ્કુલમાં ગયેલ, ત્યારે તે સ્કુલના બે શિક્ષીકાએ જણાવેલ કે, હાઇસ્કુલમાંથી ભણી ગયેલા જુના વિદ્યાર્થીઓનો રીયુનીયનનો કાર્યક્રમ રાખવાનો છે, જેથી બેકસા નું ગ્રુપ બનાવવાનું છે, તેવી વાત-ચીત કરેલ અને ત્યારબાદ પાંચેક દિવસ પછી બેકસા નામનું વોટસએપ ગ્રુપ બનાવેલ છે,જેમાં ભોગબનનાર/ફરીયાદીની બહેનપણીએ ભોગબનનારને ગ્રુપમાં એક કરેલ અને વોટસએપ ગ્રુપમાં ટીચરના પતિ એટલે કે આરોપીએ ગ્રુપ બનાવેલ અને બેકસાના ગ્રુપમાં થતી વાતચીત અને બેકસા ધ્વારા આયોજીત ફન ફેર બાબત વાતચીત થતી હતી, ત્યારબાદ બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે આશરે અઢી મહીના બાદ, ભોગબનનાર અને આરોપીએ પર્સનલમાં વાતચીત ચાલુ કરેલ અને તે રીતે આરોપીએ ભોગબનનારનો સતત સંપર્ક કરેલ અને તે રીતે આરોપીએ ભોગબનનાર સાથે સંપર્ક વધારેલ અને તે રીતે આરોપી, ભોગબનનાર જુદી-જુદી મીટીંગમાં અવાર-નવાર મળતા અને આરોપી પોતાના પર્સનલ વોટસએપ નં

.૯૦૩૩૫૪૩૩૪૫ તથા ૭૮૮૭૮૫૫૬૭૮ અવાર નવાર ભોગબનનારને મેસેજ અને કોલ કરતાં હતા, તે રીતે આરોપી ઈલેકટ્રોનીક રીતે પણ સતત ભોગબનનારના સંપર્કમાં હતા અને તે વખતે ભોગબનનાર પહેલા સગીર હતી, તેવું જાણવા છતાં આરોપી, ભોગબનનાર સાથે સેકસયુલ ઈરાદાથી જાતીય સતામણી કરવા, ભોગબનનારનો સતત સંપર્ક કરતા અને ઈલેકટ્રોનીક રીતે અને રૂબરૂ ભોગબનનારને સતત મળતા અને તે રીતે સતત ભોગબનનારનો પીછો કરતા અને ભોગબનનારની જાતીય સતામણી કરતાં અને તા.૨૩/૧૧/૨૦૨૪ના રોજ બનાવવાળી જગ્યાએ સવારના સાડા સાતેક વાગે ભોગબનનાર કોલેજ ઉપર હાજર હતી તે વખતે આરોપીએ ભોગબનનારને ફોન કરેલ અને જણાવેલ કે, પોતાના ઘરે બપોરે ૧૨.૩૦ વાગે બેકસાની મીટીંગ રાખેલ છે , તે મીટીંગમાં આવવાનું મીટીંગમાં બેકસાની છે અને તે રીતે આરોપીએ ભોગબનનારને લલચાવી ફોસલાવીને પોતાના ઘરે આવવાનું કહીને આરોપી કોલેજના ગેટ ઉપર ભોગબનનારને લેવા આવેલ અને ભોગબનનારને ફોરવ્હીલ ગાડીમાં બેસાડીને તે રીતે આરોપી ભોગબનનાર ઉપર બળાત્કાર કરવાના ઈરાદે, સુરભી સોસાયટીમાં પોતાના ઘરે આરોપી ભોગબનનારને લઈ ગયેલ અને તે રીતે ભોગબનનારનું અપહરણ કરેલ અને ઘરમાં બીજી કોઈ વ્યકિત હાજર ન હતા અને આરોપીએ ભોગબનનાર ઘરમાં પ્રવેશ્યા બાદ ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દીધો અને આરોપી ભોગબનનારને પોતાના બેડરૂમમાં લઈ ગયેલ, જેથી ભોગબનનારે આરોપીને પુછેલ કે બેકસાની મીટીંગમાં બીજા સભ્યો કયારે આવશે તો આરોપીએ કહેલ કે આપણે બે જ છીએ તેમ કહી આરોપીએ ભોગબનનાર ઉપર સેકસયુલ એસ્લોટ કરી ભોગબનનાર ઉપર બળજબરી કરી ભોગબનનારના કપડાં ઉતારવા લાગેલ અને ભોગબનનાર બુમો પાડતા આરોપીએ ભોગબનનારનું મોઢું દબાવી દીધેલ અને તે રીતે આરોપીએ ભોગબનનારને સ્વેચ્છા પુર્વક વ્યથા કરેલ અને ભોગબનનાર સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધેલ અને તે રીતે

આરોપીએ ભોગબનનાર ઉપર તેની સંમતી વગર બળાત્કાર કરેલ અને આરોપીએ બળાત્કાર કર્યા બાદ ભોગબનનારને ધમકી આપેલ કે આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાંખીશ અને સમાજમાં બદનામ કરી નાંખીશ તે રીતે આરોપીએ ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને ભોગબનનારને ડરાવેલ અને ત્યારબાદ આરોપી ભોગબનનારને ગાડીમાં બેસાડી બનાવવાળી જગ્યાએથી બપોરે દોઢેક વાગે શીત્તલ સર્કલ પાસે મુકી ગયેલ અને ભોગબનનારને આરોપીએ ધમકી આપેલ હોય જેથી ભોગબનનારે ડરના કારણે કોઈને વાત કરેલ નહીં અને તા.૦૯/૧૨/૨૦૨૪ના રોજ ભોગબનનાર કોલેજમાં હતી તે વખતે સવારના સાડા અગિયાર એક વાગ્યે બનાવવાળા સમયે આરોપીએ ભોગબનનારને ફોન કરેલ અને કહેલ કે, તારૂં પર્સનલ કામ છે, હું તને લેવા માટે કોલેજ આવું છું, તેમ વાત કરી, આરોપી ભોગબનનારને ગાડી લઈને કોલેજ લેવા આવેલ અને લલચાવી ફોસલાવીને આરોપી ભોગબનનારને પોતાના ઘરે લઈ ગયેલ અને તે રીતે આરોપીએ ભોગબનનાર ઉપર બળાત્કાર કરવાના ઈરાદે, ભોગબનનારનું અપહરણ કરી, ભોગબનનારને આરોપી પોતાના ઘરે લઈ જઈ બેડ રૂમમાં ભોગબનનાર ઉપર સેકસુયલ એસોલ્ટ કરી, બળજબરી કરી, ગુદાના ભાગે શરીર સંબંધ બાંધવાનો પ્રયત્ન કરેલો પરંતુ ભોગબનનારને બ્લીડીંગ થયેલ જેથી આરોપીએ ભોગબનનારને સ્વેચ્છા પુર્વક વ્યથા કરી ઈજા કરેલ અને આરોપીએ ભોગબનનારને સીધી કરી બેડ ઉપર બળજબરીથી પાડી ભોગબનનારની યોનીના ભાગે ભોગબનનારની મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર સંબંધ બાંધી ભોગબનનાર ઉપર બળાત્કાર કરેલ તે રીતે આરોપીએ ભોગબનનાર ઉપર વારંવાર બળાત્કાર કરેલ અને આરોપીએ ભોગબનનારને ધમકી આપેલ કે આ વાત કોઇને કહીશ તો જાનથી મારી નાંખીશ તે રીતે આરોપીએ ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને આરોપી ભોગબનનારને બનાવવાળી જગ્યાએ બપોરના બે વાગે ગાડીમાં બેસાડી શીતલ સર્કલ પાસે મુકી ગયેલ અને ભોગબનનાર

ધમકીથી ડરી ગયેલ અને ગભરાઈ ગયેલ, જેથી ભોગબનનારને કોઈને આવી જાણ કરેલી નહીં અને ભોગબનનાર અનુસુચિત જાતીના હિન્દુ રોહીત જાતીના હોવા છતાં તે જાણીને આરોપીએ ભોગબનનાર સાથે ઉપરોકત ગુનાહીત કૃત્ય કરેલ અને આરોપીએ ભોગબનનારને તેની મરજી વિરૂધ્ધ બનાવવાળી જગ્યાએ બળાત્કાર કરતી વખતે ભોગબનનારના કપડાં ઉતારેલ તેમજ ભોગબનનારનું ટોપ, પેન્ટ, અન્ડરવેર અને બ્રા બળજબરીથી ઉતારેલ અને આરોપીએ પોતાની ટીશર્ટ પણ ઉતારી દીધેલ અને પોતાનું પેન્ટ અને અન્ડર વેર પણ ઉતારેલ અને ભોગબનનાર ઉપર બળાત્કાર કરેલ ત્યારે ભોગબનનારે બુમાબુમ પણ કરેલ, છતાં આરોપીએ ભોગબનનારનું મોઢું દબાવી દીધેલ અને ભોગબનનારને ત્યારે પણ ધમકી આપેલ કે, કોઈને કહેતી નહીં, નહીં તો જાન થી મારી નાંખીશ તે રીતે આરોપીએ ગુનાહીત ધમકી આપેલ અને ભોગબનનારને સ્વેચ્છા પુર્વક વ્યથા કરી ઈજા કરેલ અને આરોપી ભોગબનનારને ફોન ઉપર સંપર્ક કરતો, કોલ કરી, મેસેજ કરતો અને આરોપી ફોન ઉપર ભોગબનનારને ઓછા રીપ્લાય આપતી ત્યારે, રીપ્લાય આપવા દબાણ કરતો અને આરોપીએ ઉપરોકત બનાવવાળા સમયે ભોગબનનાર પુખ્ત ઉંમરની હતી ત્યારે તેની બળજબરીથી ભોગબનનાર ઉપર વારંવાર બળાત્કાર કરેલ હોવાનો આક્ષેપ છે અને તે રીતે આરોપી સામે બી.એન.એસ.ની કલમ- **63** (a) (b) (c) ના ભંગ બદલ કલમ- **64(1),64(2)** (m),**74,75(1)**(i)(ii)ના ભંગ બદલ કલમ- **75(2), 76,78(1)**(i)(ii) ના ભંગ બદલ કલમ- **78(2),87,115(1) (2), 351(1)** ના ભંગ બદલ **351(3)** તથા ધી શેડયુલ કાસ્ટસ એન્ડ શેડયુલ ટ્રાઈબ્સ (પ્રીવેન્સ ઓફ એટ્રોસીટી એકટ)ની કલમ- **3(2)**(v),**3(1)**(w)(i), તથા ધી ઈન્મફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-**67** A, **67** B(a)(b), ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેક્સયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ-**11(1) (4)** ના ભંગ બદલ **12** મુજબના ગુનાનો આક્ષેપ છે અને આ કામે કેલેન્ડર ગોઠવાઇ ગયેલ છે અને ઘણાં સાક્ષીઓની જુબાની થઇ ગયેલ છે અને

ભોગબનનારની પણ વિસ્તૃત જુબાની થયેલ છે અને આરોપી તરફે ટ્રાયલમાં કન્સડીરેબલ ટાઇમ લાગે તેવી દલીલ છે તે રેકર્ડ જોતાં ટકવા પાત્ર જણાતી નથી.

૫. ઉપરોકત હકીકતે વધુ જોતાં આરોપી તરફે ક્રિ.મીસી. એપ્લીકેશન (રેગ્યુલર બેલ) આફટર ચાર્જશીટ નં.૧૩૬૯૪/૨૦૨૫નો કમલેશ કાંતીલાલ રાવલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો તા.૩૧/૦૭/૨૦૨૫નો ચુકાદો રજુ કરેલ છે તે ચુકાદાના સિધ્ધાંત ધ્યાને લીધા અને આ કામે જે હકીકત અને પુરાવો છે અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને આરોપી તરફે માર્ક-૧૦/૧ થી જે વચગાળાની જામીન અરજીનો હુકમ રજુ કરેલ છે તે હુકમ જોતાં તે તા.૨૯/૦૪/૨૦૨૫નો છે અને તે પણ ચાર્જશીટ થયા પછી પોકસો કેસ નં.૧૨/૨૦૨૫ થી કેસ રજીસ્ટરે લેવાઇ ગયા બાદ વચગાળાની જામીન અરજી કરેલ અને તેમાં પણ અત્રેની કોર્ટે તારણ આપેલ છે અને તે નામંજુર કરેલ અને તેમાં પણ તારણ આપેલ કે નિયમીત જામીન અરજી જેવા કારણો અરજદાર/આરોપીએ દર્શાવેલ, ત્યારબાદ અરજદાર/આરોપીએ અન્ય જામીન અરજી ફોજદારી પરચુરણ અરજી નં.૫૦૪/૨૦૨૫ કરેલ જે પણ તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ નામંજુર કરેલ છે ત્યારબાદ અરજદાર/આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ચાર્જશીટ પછી ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૮૪૨/૨૦૨૫થી જામીન અરજી જે નામદાર ગુજરાત હાઇકોર્ટનો તા.૧૫/૦૭/૨૦૨૫નો હુકમ ધ્યાને લેતા અરજદાર/આરોપી તરફે વિડ્રો થતાં તે જામીન અરજી ફેસલ થયેલ છે અને આ કામે અરજદાર/આરોપી તરફે નિ.૧૩/૧ થી ફોજદારી પરચુરણ અરજી નં.૩૨૦/૨૦૨૫ થી વચગાળાના જામીન અરજીની પીટીશન રજુ કરેલ છે તેમજ નિ.૧૩/૨ થી ફોજદારી પરચુરણ અરજી નં.૫૦૪/૨૦૨૫ થી પીટીશન રજુ કર્યાનું જણાવે છે તેમજ નિ.૧૩/૩ થી ઇન્ડેક્ષ સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરેલ તેની પીટીશન રજુ થયેલ છે, આ તમામ પીટીશનો ધ્યાને લેતા અને તેમાં અરજદાર/આરોપીએ જામીન અરજીના જે કારણો લખેલ છે તે કારણો જોતાં અગાઉ ફોજદારી પરચુરણ અરજી નં.૫૦૪/૨૦૨૦ નામંજુર થયેલ છે,

ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી જામીન અરજી વિડ્રો કરેલ છે અને તે જામીન અરજીમાં જણાવેલ કારણો સબબ કલેવર દેખાય તેવું ડ્રાફટીંગ કરીને અગાઉની જામીનમાં લીધેલ કારણો દર્શાવીને ફરીથી જામીન અરજી કરેલ છે જે હકીકતને ધ્યાને લેતા અને આરોપી સામેનો ગુનો પ્રથમ દર્શનીય રીતે ગંભીર છે અને જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાહેદ પુરાવાને ગંભીર અસર થાય તેવુ જણાય છે અને ભોગબનનાર સાથેના મેસેજો છે તેનો મતલબ એવો નથી કે આરોપીને ઉપરોકત જણાવ્યા પ્રમાણેનું આક્ષેપીત ગુનાહીત કૃત્ય કરવાનો અધિકાર મળી જાય અને બનાવની શરૂઆત વખતે ભોગબનનાર પ્રથમ દર્શનીય રીતે સગીર જણાય છે જેથી કરેલ ચર્ચા, પુરાવો જોતાં અને અરજદાર/આરોપીએ અગાઉ નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી ચાર્જશીટ પછી પણ વિડ્રો કરેલ હોય તેને પણ સાથે ધ્યાને લેવામાં આવે અને આ કામમાં આઇ.ઓ.નું સોંગદનામું જોતાં અરજદાર/આરોપી સામે અગાઉ પણ ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૧૦૨૨૨/૨૦૨૧, ઇ.પી.કો. કલમ-૩૭૬(૨)(એન),૩૨૮,૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે કેસ ભરૂચમાં ચાલે છે તે બાબતે આઇ.ઓ.એ જણાવેલ છે જેથી આરોપીએ અગાઉ પણ બળાત્કારનો ગુનો કર્યાનો આક્ષેપ છે અને હાલનો ગુનો પણ આરોપી સામે છે જેથી અરજદાર/આરોપીનો ગુનાહીત ઇતિહાસ પણ છે તે પણ જણાય છે જેથી કરેલ ચર્ચા અને આરોપીએ રજુ કરેલ ચુકાદાની હકીકત ધ્યાને લેતા આરોપીને ચુકાદો મદદરૂપ થતો નથી અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપીની જામીન અરજી નામંજુર થવા પાત્ર હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. અરજદાર/આરોપી ફીલીપ ઉર્ફે રેમન્ડ કુટીનો ,ઉ.વ.-૪૦, રહે.એ-૩૮,સુરભી સોસાયટી, નાંદેલાવ, ભરૂચની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. આ હુકમની નકલ આઇ.ઓ./સંબંધીત પોલીસ સ્ટેશનને મોકલવી.

૩. આ જામીન અરજીનું રેકર્ડ પોકસો કેસ નં.૧૨/૨૦૨૫ ના કામ ના રેકર્ડ સાથે રાખવું અને જામીન અરજીના દાખલ રજીસ્ટરે નોંધ કરવી.

હુકમ આજ રોજ તા.૧૩ મી માહે જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)

P.P.Shah Guj Steno.